# ગુજરાત નગરપાલિકા અધિનિયમ, 1963

- આ કાયદો 1/1/1965 થી અમલમાં

- આશરે 47 વર્ષ જુનો

- આની પહેલા મુંબઇ જિલ્લા અધિનિયમ, 1901 અને મુંબઇ મ્યુનિસિપલ બરો એક્ટ, 1925 અમલમાં હતા.
- અત્યાર સુધીમાં આશરે 31 વખત સુધારાઓ કરવામાં આવ્યા છે.
  કુલ 281 કલમોમાંથી 18 કલમો જુદા જુદા સુધારાઓથી રદ કરવામાં આવી છે. 163 વધી છે.

નગરપાલિકાની મુદત, વોર્ડ તથા સભ્ય સંખ્યા

- કલમ 6 : દરેક ચુંટયેલ પ્રતિનિધીની ન.પા. બનશે.
- કલમ 8 : મુદત પાંચ વર્ષ

| વસ્તી | સભ્ય | વોર્ડ |
|---|---|---|
| 15000 થી 25000 | 21 | 7 |
| 25000 થી 50000 | 27 | 9 |
| 50000 થી 1 લાખ | 36 | 12 |
| 1 લાખ થી 2 લાખ | 42 | 14 |
| 2 લાખ થી ઉપર | 51 | 17 |

કલમ 8 (ક) કુદરતી આપત્તી, હુલ્લડ, કોમી રમખાણો વગેરે જેવી પરિસ્થિતિ માં ચુંટણી મુલતવી રાખવાની અને અધિકારી નિમવાની સરકારની સત્તા.

# સભ્યની ચુંટણી, લાયકાત તથા ગેરલાયકાત

- ચુંટણી ની કામગીરી ચુંટણી અંગેના નિયમો મુજબ ચુંટણી પંચ બજાવશે.
- કલમ 10 સભ્ય બનાવવા માટેની લાયકતો

  21 વર્ષ કે વધુ ઉમર હોવી જોઇએ.

  મતદાર યાદીમાં નામ જરૂરી (એક કરતા વધુ વોર્ડમાં નામ ન હોવુ જોઇએ)

  કોઇ કયદાથી ગેર લાયક ઠરાવાયેલ ન હોવો જોઇએ

  એક જ વોર્ડ માટે મતદાન કરી શકશે.

  નાંમાંક્ન ભરવાની છેલ્લી તારીખે 21 વર્ષ થયા હોવા જોઇએ

  કલમ 11 : વિવિધ પ્રકારની અયોગ્યતાઓ.

(ભારતનો નાગરિક ન હોય, નાદાર, અસ્થિર મગજનો હોય કે થઇ જાય, છ માસ કરતા વધુ જેલની સજા થઇ હોય, અસ્પૃસ્ય કે નશાબંધી ધારા હેઠળ ગુનેગાર ઠરાવાયેલ હોઇ, કલમ 37 હેઠળ દૂર કરાયાને ચાર વર્ષ ન થયા હોઇ, ન્યાયાધિસ, સરકાર કે સ્થાનિક સંસ્થાનો કર્મચારી હોય વ. અયોગ્ય )

# નગરપાલિકાના સત્તાધિકારીઓ

પ્રમુખ, ઉપ પ્રમુખ, કારોબારી અને અન્ય સમિતિઓ, મુ.અધિ. અને અન્ય કર્મચારીઓ

- કલમ 31, પ્રમુખ અને ઉપપ્રમુખ
- કલમ 32, કાઉન્સિલર્સ માંથી ચુંટાશે. તેના નિયમો સરકાર બનાવશે.
- કલમ 33, મુદત : પ્રમુખ :25 વર્ષે

  ઉપપ્રમુખ મુદત : પ્રમુખની મુદત જેટલી જ સ્પષ્ટ જોગવાઇ નહોતી, હવે કરવામાં આવી.
- પ્રમુખની બાબતમાં અનામત અને રોસ્ટર
- મુખ્ય અધિકારી અને અન્ય અધિકારીઓ (કલમ : 47)

  ન.પા.ના કર્મચારીઓ (કલમ : 50)

## પ્રમુખ/ઉપ પ્રમુખની ચુંટણી, ગુપ્તતાના સોગંદ અને અવિશ્વાસની દરખાસ્ત

- કલમ 32 : કલેકટરશ્રી દ્વારા નિયુક્ત કરાયેલ અધ્યાસી અધિકારીની હાજરીમાં ચુંટણી અથવા પસંદગી.

નોંધ : બન્ને બાબતમાં ગુપ્તતાના સોગંદ માટે કોઇ જોગવાઇ નથી.

- કલમ, 36,51(2) : અવિશ્વાસની દરખાસ્ત:

  1/3 સભ્યો લાવી શકે.

  2/3 કે તેથી વધુ સભ્યોની બહુમતીથી પસાર

અમલ : બહાલીના 3 દિવસ પછીથી

નોંધ 1 : પ્રમુખ સભાને પ્રિસાઇડ નહિ કરે.

નોંધ 2 : રાજીનામુ : પ્રમુખે કલેકટરને લેખીતમાં આપવાનું રહેશે.

સ્વીકારાય ત્યારથી કે 30 દિવસ બે માંથી જે વહેલુ હોય ત્યારથી અમલ.

ઉપપ્રમુખે  રાજીનામુ નગરપાલિકાને આપવાનું બાકીનું સમાન.

નોંધ 3 : કાઉન્સીલરે રાજીનામુ પ્રમુખને આપવાનું

# કારોબારી તથા અન્ય સમિતિઓ

## કારોબારી સમિતિ

- કલમ 53 : સભ્યો 6 થી 12
- અધ્યક્ષ માટે સ્પષ્ટ જોગવાઇ નથી
- મુદત : એક વર્ષ

### અન્ય સમિતિ

- કલમ 55 : નગરપાલિકા નક્કી કરે તેટલી
- મુદત : એક વર્ષ

## ➢ પ્રમુખ, ઉપપ્રમુખ , કાઉન્સીલરને હોદ્દા પરથી દુર કરવા

કલમ 37

સુનવણીની તક આપ્યા પછી અને જરૂરી તપાસ કર્યા બાદ શરમજનક વર્તણુક કે ગેરવર્તન માટે, કોઇ બાબતે અદાલતમાં અપરાધી પુરવાર થાય કે સજા થઇ હોય તો હોદ્દા પરથી દુર થશે. અને બાકીની મુદત માટે ચુંટાવા માટે ગેર લાયક, સરકાર દુર કરતા હુકમની તારીખ થી પાંચ વર્ષ માટે ગેરલાયક ઠરાવી શકે, પરંતુ જો તેણે રાજીનામુ આપ્યુ હોય અને તેને એક વર્ષ થયેલ હોય તો આવી કાર્યવાહી શક્ય નથી.

કલમ 38 : સભ્ય તરીકે ચાલુ રહેવા અસમર્થતા

કલમ 11 હેઠળની ગેરલાયકાત ને કારણે

ન.પા. માં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વ્યવસાયિક હીત ધરાવતા હોય

6 માસ કરતા વધુ સમયથી સતત ગેર હાજર રહેતો હોય, (આ રીતે જગ્યા ખાલી પડી છે કે કેમ તે કલેક્ટર નક્કી કરશે તેના હુકમ સામે 15 દિવસ માં સરકારમાં અપીલ થઇ શકશે.

# ચુટણી પછીની નગરપાલિકાની પ્રથમ બેઠક તથા કામગીરી

કલમ 32 : કાયદામાં નિયમોથી નક્કી કરવાની જોગવાઇ. સરકારે આવા નિયમો બનાવવાનાં રહે.

( નિયમોમાં ચુંટણી ના પરિણામની તારીખ થી 15 દિવસ માં કલેકટરશ્રી પ્રથમ બેઠક બોલાવશે. તેવી જોગવાઇ)

નોંધ : આ પ્રથમ બેઠકમાં પ્રમુખ ઉપપ્રમુખની ચુંટણી કે પસંદગી સિવાય અન્ય કોઇ કામગીરી નહી.

નોંધ : જો સમાન મત પડે તો ચીઠ્ઠી નાંખીને પસંદગી કરવાની.

## નગરપાલિકા નો વહિવટ

કલમ 44 :- નગરપાલિકાનો વહિવટ નગરપાલિકામાં નિહિત થશે.

કારોબારી સત્તા મુખ્ય અધિકારીમાં નિહિત થશે.

(આવી સત્તા નગરપાલિકા કે કારોબારી સમિતિની મંજુરીને આધિન રહેશે.

કલમ 45 : પ્રમુખ (કાર્યો)

ન.પા.ની તમામ બેઠકોનું પ્રમુખ સ્થાન

બેઠકનું કાર્ય સંચાલન કરવું

ન.પા. ના કારોબારી અને નાણાકીય વહિવટ પર નજર રાખવી.

અધિનિયમ થી મળેલ સત્તા મુજબ ની કામગીરી બજાવવી

તમામ અધિ/કર્મચારીઓના કાર્યો પર નજર રાખવી / નિયંત્રણ રાખવુ.

લોકોની સગવડ, તાત્કાલીક જરૂરીયાત, સલામતી માટે જરૂરી પગલા લેવા, લેવડાવવા, આદેશ આપવા.

કલમ 46 : ઉપપ્રમુખ – પ્રમુખની ગેરહાજરીમાં પ્રમુખ તરીકે, પ્રમુખ સોપે તે અને પ્રમુખની ચુટણી ન થાય ત્યાં સુધી કામગીરી બજાવવી.

## નગરપાલિકા નું વહીવટી તંત્ર

- અધિકારી / કર્મચારીઓ
- કલમ 47(એ) મ્યુનિસીપલ ઇજનેરો,આરોગ્ય અધિકારી, હિસાબી અધિકારી વિગેરેની કોમન કેડર કરી રાજ્ય સરકાર નિમણુક કરી શકે છે.
- કલમ 47,50 – બાકીના કર્મચારીઓની પસંદગી અને નિમણુક નિયામકશ્રીની પૂર્વ મંજૂરીથી નગરપાલિકા કરે છે.
- કલમ 47(1) (ખ)- ન.પા. 2/3 બહુમતીથી મુખ્ય અધિકારીની બદલી માટે ભલામણ કરે તો સરકારે બદલવા જ પડે.
- કલમ 48 થી મળેલ સત્તા અન્વ્યે ન.પા. કર્મચારીઓની નિમણૂંક કરે.

  નોંધ : નગર પાલિકાના કર્મચારીઓના વર્ગીકરણ માટે અધિનિયમ કોઇ જોગવાઇ નથી.

- તપાસણી અને દેખરેખની સત્તા

  કલમ 257- સરકાર પ્રાંત અધિકારી/મામલતદાર/નિયામકશ્રી/પ્રા.નિ./ના.નિ./મ.નિ વગેરેને ન.પા.ના સુપરવિઝન અને રેકર્ડ મંગાવવાની સત્તા.

- કલમ 258- ન.પા.ના કોઇ પણ હુકમ / ઠરાવની બાબતમાં સમીક્ષાની તેમજ મોકુફ રાખવાની કલેક્ટરને સતા.

- કલમ 259 – તાકીદના પ્રસંગે કલેક્ટરશ્રીની અસાધરણ સત્તા.

- લોકોના આરોગ્ય અને સુરક્ષિતતાના સંદર્ભ માં પ્રબંધ કરવાની અને ન.પા. પાસેથી ખર્ચ મેળવવાની સત્તા.

## તપાસણી અને દેખરેખની સત્તા

કલમ 260 - ન.ગ.ના કર્મચારીની સંખ્યા અને/ અથવા તેમનું મહેનતાણું ઘટાડવાની સત્તા સરકારે આ સતા નિયામકને આપી

. છે.

કલમ ૨૬૨ - ન.ગ.પા.ને સમય મર્યાદામાં ચોક્કસ કામગીરી પૂરી કરવાની જણાવવાની સત્તા.

કલમ ૨૬૩ -ન.ગ.પા.નું વિસર્જન કરવાની સરકને સત્તા :-

નગરપાલીકા ફરજ બજાવવા અસમર્થ પુરવાર થાય અથવા સતાનો દુરઉપયોગ કરે તો ખુલાસાની તક આપ્યા બાદ બે વર્ષ થી વધુ ન હોય તેટ્લી મુદત માટે વિસર્જન થઇ શકશે.જેને પણીણામે સભ્યો જગ્યા ખાલી કરશે.

કલમ:- આ કાયદાની કોઇ પણ બાબત અંગે ન.ગ.પા.તેમજ કલેક્ટરશ્રી ઉપર સકારને સત્તા ઉપર સરકારને સત્તા મળે છે.

## નગરપાલિકાનું ભંડો

કલમ:- ૭૬-બજેટ બહરના ખર્ચ ન કરવું.

કલમ :- ૮૨ – ન.ગ.પા.ને મળેલ કોઇ પણ નાણાનું ભંડોળ.

ન.ગ.પા ફંડ્નો ટ્રસ્ટી તરીકે જાહીર હિત્માં ઉપયોગ કરશે.

## એરીયા બેઇજ મિલ્કત વેરો

- નગરપાલિકાઓ કરનો દર ન.પા.નિયામકશ્રીની પૂર્વ મંજુરીથીએ નક્કી કરી શકશે.
- નક્કિ કરવામાં આવેલ દરમાં દર બે વર્ષ ૧૦/ વધારો કરવાની પણ જોગવાઇ રખવામાં આવી છે.

- કરપેટ એરીયા ૪૦ ચો.મી.થી ઓછો હોય તેવી રહેણાકની મિલ્કતો માટે ન.પા.નિયત દરથી ઓછો દર નક્કી કરી શકે છે.
- જો કલમ ૧૪૦ હેઠળ વેરાના ચો.મી.દીઠ લધુત્ત અને મહત્તમ દર સરકારે નક્કી કરી આપેલ હશે તો ન.પા.ઓએ તેની મર્યાદમાં રહીને વેરાના દર નક્કી કરવાના રહેશે.
  કાર્પેટ એરીયામાં વધારો થાય તો વધારાહના સમયથી વધારાની મિલ્કત અસ્તિત્વમાં આવી છે તેમ ગણવાનું રહેશે.

- મિલ્કટવીરાની ગણતરી કરતી વખતે મિલ્કતનું સ્થળ, ભોગવટો, બાંધકામ, પ્રકાર,આયુષ્ય,ઉપયોગીતા વગેરે ધ્યાનમાં લેવાના રહેશે.

## નગરપાલીકાના કાર્યો અને ફરજો

- કલમઃ- ૮૭ – ફરજીયાત કાર્યો

- જાહેર બાંધકામ,પ્રાથમિક શિક્ષણ ,જાહેર આરોગ્ય અને સફાઇ,ગટર વય વ્યવસ્થા,કતલખાના,ટાઉન પ્લાનીંગ,દિવાબત્તી, જન્મ-મરણ નોધણી,અગ્નીશમન વગેરે.
- કલમઃ- ૯૧- સ્વ-વિવેકાધીન કર્યો.

- કુદરતી આપત્તી સમયે રહત કર્યો,બગીચાઓ,ટાઉન હોલ,ધર્મશાળાઓ ,ટ્રાંન્સપોર્ટ બસ સર્વીસ બાલ મંદીર ,રમત –ગમતના મેદાનો વગેરે.

- રાજ્ય સરકારે ન.પા.ને સોપેલાં કાર્યો.

- ખેતી પશુપાલન ,સમાજ કલ્યાણ ,કુટીર ઉધોગ,જાહેર બાંધકામ ,જાહેર  આરોગ્ય વગેરે પ્રકારના સરકારને યોગ્ય લાગે તેવા કર્યો અને ફરજો ન.પા.ને સોપી શકશે.

## નગરપાલિકાની બેઠકો

કલમ:- ૫૧- દર ત્રણ મહિને એક વખત બોલાવવી ફરજીયાત

**નોટીસ**:-ચોખ્ખા સાત દિવસ

**કોરમ** :-કુલ સભ્યોના ૧/૩ની હાજરી

**કાર્યવાહી નોધ** :-લખવા માટેની ચોક્કસ સમય મર્યાદા નથી.

કલમળ :- ૫૧(૧૧)બેથકમાં હાજર સભ્યોની બહુમતી મુલ્તવી રાખી શકાય.

બેઠક પહેલા સ્પષ્ટ જોગવાઇના અભાવે પ્રમુખ ગમે ત્યારે મુલ્તવી રાખે છે.